ક્રિ.કેસ નં. ૬૧૭/૨૦૧૮

## <u>આંક: ૧૨ ની અરજી નીચે હુકમ</u>

આજરોજ પોકારતા ફરીયાદી તરફે વિ.વ.શ્રી બી.એ.ઠાકોર હાજર છે. આરોપી તરફે વિ.વ.શ્રી એમ.એચ.મુલાણી હાજર છે. કેસનું રેકર્ડ વંચાણે લેતા સદર કેસ આજરોજ આંક–૧૨ ની અરજીની સુનાવણી માટે છે. આંક–૧૨ ની અરજી ફરીયાદી તરફે નિ.૩/૧, નિ.૩/૬ થી રજુ દસ્તાવેજી પુરાવાના આંકે પાડવા માટે આપેલ છે. આરોપી તરફે વિ.વ.શ્રીએ અરજી મંજુર કરવા સામે વાંધો નથી તેવો શેરો અરજી પર કરેલ છે જે વંચાણે લીધો. નિ.૩/૧ થી ૩/૬ ના દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા તે અસલ તથા સ્થળપ્રત નકલ છે. તેથી સદર દસ્તાવેજી પુરાવાને નામ.સુપ્રિમ કોર્ટે બીપીનચંદ્ર શાંતિલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ સાબીત કરવાની શરતે આંકે પાડવાનો હુકમ કરવામા આવે છે.

તા.૧૯/૧૨/૨૦૨૦
રાધનપુર

**(ગૌરાંગ જીતેન્દ્રકુમાર શાહ)**
કોડ નં.જીજે ૦૦૬૬૦
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
રાધનપુર